સામાયિક મૂલ્યાંકન કસોટી

ધોરણઃ 6 | વિજ્ઞાન | ઓગષ્ટ, 2020

સમય-1 કલાક | કુલ ગુણઃ 25

(અ. નિ. - અધ્યયન નિષ્પત્તિ - Learning Outcome)

અ.નિ. અવલોકી શકાય તેવા ગુણધર્મોને આધારે વસ્તુ, સજીવ અને પ્રક્રિયાનું વર્ગીકરણ કરે છે.

પ્રશ્ન-1 (A) **એક કાચના પ્યાલામાં પાણી લઇ નીચે જણાવેલ પદાર્થોને તેમાં નાખી પાણીને બરાબર હલાવો. ત્યારબાદ કાચના પ્યાલાનું બરાબર અવલોકન કરી, એ અવલોકનના આધારે પદાર્થોનું પાણીમાં દ્રાવ્ય પદાર્થ કે પાણીમાં અદ્રાવ્ય પદાર્થમાં વર્ગીકરણ કરો.** (03)

(1) ખાંડ (અડધી ચમચી). (2) રાઈના દાણા (અડધી ચમચી)

(3) કોપરેલનાં બે ત્રણ ટીપાં.

પ્રશ્ન-1 (B) **નીચે આપેલ ચિત્રમાં પાણી ભરેલા બિકરમાં કેટલીક વસ્તુઓ મૂકેલી છે.** (02)

જો આવા પાણી ભરેલા બિકરમાં નીચે મુજબની વસ્તુઓ નાંખવામાં આવે તો તે કઈ પરિસ્થિતિમાં રહેશે તે જણાવો.

1. રેતીમાંનો કાંકરો.
2. સૂર્યમુખીના તેલનું ટીપું.

અ.નિ. પદાર્થ અને સજીવોને તેમના ગુણધર્મો, રચના અને કાર્યના આધારે જુદા પાડે છે.

પ્રશ્ન-2 (A) **નીચે આપેલ આકૃતિ અને એક ગુણધર્મના આધારે તે તાંતણામાંથી કાપડ બનાવવાની કઈ રીત છે તે ઓળખો .** (02)

1. **બે તાંતણાની જરૂર પડે છે.**

2. **એક તાંતણાની જરૂર પડે છે.**



પ્રશ્ન-2 (B) **મને ઓળખો.** (03)

1. હું ખાદ્ય સામગ્રીમાં રહેલું એવું પોષકતત્ત્વ છું કે જેની ઓળખ કરવા માટે માત્ર એક કાગળ સિવાય અન્ય કોઈ રસાયણની જરૂર પડતી નથી.
2. ખાદ્ય સામગ્રી સાથે પાણી, કોપર સલ્ફેટ અને કોસ્ટિક સોડાનો ઉપયોગ કરીને તે સામગ્રીમાં મારી હાજરી જાણી શકાય છે.
3. મને રેસાઓને વળ ચડાવી બનાવવામાં આવે છે.

અ.નિ. પ્રશ્નોના જવાબ મેળવવા માટે સરળ તપાસ હાથ ધરે છે.

પ્રશ્ન- 3 **નીચે આપેલ ખાદ્ય સામગ્રી વનસ્પતિના કયા ભાગમાંથી મળે છે તે કેવી રીતે નક્કી કરશો ?** (05)

(1) આદુ (2) પાલકની ભાજી (3) રીંગણાં (4) ગાજર (5) બટાટા

અ.નિ. શીખેલા વૈજ્ઞાનિક ખ્યાલોને રોજિંદા જીવનમાં લાગુ કરે છે.

પ્રશ્ન-4 **નીચેના પ્રશ્નોના જવાબ આપો.**

1. બૂઝો દરરોજ ખોરાકમાં બટાટાનું શાક અને રોટલી જ આરોગે છે. આમ કરવાથી તેને પડનાર સંભવિત મુશ્કેલી અંગે તમે શું સમજ આપશો ? (02)
2. ખાદ્ય સામગ્રીમાંથી પોષક તત્વો નષ્ટ ન થઇ જાય તે માટે તમે કઈ કઈ કાળજી રાખશો? (02)
3. તમારું શરીર મેદસ્વી ન બને તે માટે તમારા ખોરાકમાં કઈ કાળજી રાખશો. ? (01)

અ.નિ. પ્રક્રિયા અને ઘટનાને કારણો સાથે જોડે છે.

પ્રશ્ન-5 (A) **નીચેનાનાં વૈજ્ઞાનિક કારણ આપો.** (04)

(1) અપૂરતો અને અયોગ્ય ખોરાક લેવાથી વ્યક્તિ રોગોનો ભોગ બની શકે છે.

(2) નાનાં બાળકોને યોગ્ય પ્રમાણમાં વિટામિનયુક્ત ખોરાક આપવો જોઈએ.

પ્રશ્ન-5 (B) **વ્યક્તિની કુંઠિત વૃદ્ધિ, ફૂલેલો ચહેરો, વાળનો ફિક્કો રંગ તથા ત્વચાના રોગો માટે મુખ્યત્વે શું જવાબદાર છે ?** (01)

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણઃ 6 | વિજ્ઞાન | જાન્યુઆરી – 2021

સમય- 1 કલાક | કુલ ગુણઃ 25

[અ.નિ. - અધ્યયન નિષ્પત્તિ (Learning Outcome)]

અ.નિ. **પદાર્થને તેમના ગુણધર્મો, રચના અને કાર્યના આધારે જુદા પાડે છે.**

પ્રશ્ન-1 **નીચે આપેલ કોષ્ટકને પૂર્ણ કરી, બલ્બ પ્રકાશિત થાય છે કે બલ્બ પ્રકાશિત થતો નથી તે બાબતને ધ્યાનમાં લઇ આપવામાં આવેલ વસ્તુને અલગ અલગ જૂથમાં મૂકો.** **(5)**

સ્વિચના સ્થાને ઉપયોગ કરવામાં આવેલ વસ્તુઓ	પદાર્થ જેનો બનેલો છે તે	બલ્બ પ્રકાશિત થાય છે. (હા/ના)
ચાવી	ધાતુ	હા
રબર	રબર	ના
તાંબાનો તાર	ધાતુ	
દિવાસળીની સળી	લાકડું	
કાચની બંગડી	કાચ	
લોખંડની ખીલી	ધાતુ	

(કોષ્ટક પૂર્ણ કરે તેના ૨ ગુણ અને વસ્તુનાં યોગ્ય જૂથ બનાવે તેના ૩ ગુણ આપવા)

અ.નિ. **અવલોકી શકાય તેવા ગુણધર્મોને આધારે વસ્તુ, સજીવ અને પ્રક્રિયાનું વર્ગીકરણ કરે છે.**

પ્રશ્ન-2 (અ) **નીચેનું ચિત્ર જોઈ A, B અને C પૈકી કઈ વસ્તુ પારદર્શક છે, અપારદર્શક છે અને પારભાષક છે તે જણાવો** **(૩)**



પ્રશ્ન-2 (બ) **નીચેની આકૃતિનું અવલોકન કરો. તેના આધારે નીચેના બે પ્રશ્નોના જવાબ આપો.** **(2)**

(1) આકૃતિમાં Aની જગ્યાએ નીચેનામાંથી શું મૂક્યું હશે ?

(અ) લાકડાની શીટ

(બ) સફેદ ચાર્ટ પેપર

(ક) અરીસો

(ડ) સાદો કાચ



(2) આકૃતિમાં **P** ની જગ્યાએ કોઈ પદાર્થની એક નાની શીટ મૂકેલી છે તેમ છતાં પ્રકાશનું સ્પષ્ટ કિરણ પડદા પર મળે છે. તો આ શીટ **P** કયા પ્રકારના પદાર્થની બનેલી હશે ?

(અ) અપારદર્શક (બ) પારદર્શક (ક) પ્રકાશિત (ડ) અપ્રકાશિત

અ.નિ. પ્રક્રિયા અને ઘટનાને કારણો સાથે જોડે છે.

પ્રશ્ન-3 (અ) કારણો આપો. **(4)**

1. દેડકાના પાછલા પગ મજબૂત હોય છે અને જાળપાદ ધરાવે છે કારણ કે.....
2. હરણના કાન લાંબા હોય છે અને આંખ માથાની બાજુ પર હોય છે કારણ કે ....

પ્રશ્ન-3 (બ) દરિયાઈ જીવો પાણીમાં સરળતાથી હલન ચલન કરી શકે છે. કારણ કે... **(1)**

(અ) તેમને દરિયામાં રહેવું ગમતું હોય છે.

(બ) તેઓ ધારારેખીય શરીર રચના ધરાવે છે.

(ક) તેઓ તે માટે ખૂબ મહેનત કરે છે.

(ડ) તેમને જમીન પર હલનચલન કરવું ગમતું નથી.

અ.નિ. પ્રક્રિયા અને ઘટનાઓને વર્ણવે / સમજાવે છે.

પ્રશ્ન-4 (અ) પડછાયો એ હકીકતમાં શું છે ? એક ઉદાહરણ સાથે સમજાવો. **(3)**

પ્રશ્ન-4 (બ) રાધિકા બે બલ્બને નીચેની આકૃતિમાં દર્શાવ્યા મુજબ એક વિદ્યુતકોષ સાથે જોડે છે. તેને બલ્બ **B**નો ફિલામેન્ટ તૂટેલો માલૂમ પડે છે. તો શું આ પરિપથમાં બલ્બ **A** પ્રકાશિત થશે? કારણ જણાવો. **(2)**

અ.નિ. ભૌતિક રાશિઓને માપે છે અને તેને (S I) એકમમાં રજૂ કરે છે.

પ્રશ્ન-5 (અ) નીચેના પ્રશ્નોમાં તેની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરો. **(3)**

1. અમદાવાદ અને કોલકત્તા વચ્ચેનું અંતર સામાન્ય રીતે કયા એકમમાં દર્શાવવામાં આવે છે ?

   (અ) મીટર (બ) સેન્ટીમીટર (ક) કિલોમીટર (ડ) મિલીમીટર

2. ભાર્ગવ અને જયેશ મેદાનમાં રમી રહ્યા છે. બંને નીચે દર્શાવ્યા મુજબના એક જ સ્થાન **A** થી શરુ કરી **B** સુધી પહોંચવા માટે દોડવાનું શરૂ કરે છે. ભાર્ગવ માર્ગ - **1** થી અને જયેશ માર્ગ - **2** થી દોડી એક સાથે સ્થાન **B** પર પહોંચે છે. આ સ્થિતિમાં નીચેનામાંથી કયું સાચું બને છે ?



   જયેશની તુલનામાં ભાર્ગવ.....

   (અ) લાંબુ અંતર પરંતુ ઓછી ઝડપથી કાપે છે.

   (બ) ટૂંકું અંતર ઓછી ઝડપથી કાપે છે.

   (ક) લાંબુ અંતર વધુ ઝડપથી કાપે છે.

   (ડ) ટૂંકું અંતર વધુ ઝડપથી કાપે છે.

3. નીચે એક સાદી માપપટ્ટી દર્શાવેલ છે. નીચે આપેલ અંતર પૈકી કયું અંતર આ માપપટ્ટીનો એક જ વખત ઉપયોગ કરવાથી માપી શકાશે નહીં ?

   (અ) **0.2** મીટર (બ) **0.1** મીટર (ક) **0.15** મીટર (ડ) **0.05** મીટર

પ્રશ્ન-5 (બ) એક રિબનના ટુકડાને નીચે મુજબ માપપટ્ટી ઉપર મૂકેલ છે. તો આ રિબનની લંબાઈ શોધો અને તેને સેન્ટીમીટર અને મીટર એકમમાં દર્શાવો. **(2)**



સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણઃ 6 **વિજ્ઞાન** **ઓક્ટોબર, 2020**

સમય - 1 કલાક **કુલ ગુણઃ 25**

(અ.નિ.- અધ્યયન નિષ્પત્તિઃ Learning Outcome)

અ.નિ. અવલોકી શકાય તેવા ગુણધર્મોને આધારે વસ્તુ, સજીવ અને પ્રક્રિયાનું વર્ગીકરણ કરે છે.

પ્રશ્ન-1 (અ) નીચેની આકૃતિમાં દર્શાવેલ પ્રક્રિયામાં R અને T કઈ પ્રક્રિયાનો નિર્દેશ કરે છે તે ઓળખો અને આ સમગ્ર પ્રક્રિયામાં સમાવિષ્ટ કોઈ પણ એક ફેરફારનો ઉલ્લેખ કરી તેનો પ્રકાર (ઉલટાવી શકાય અને ન ઉલટાવી શકાય) દર્શાવો. 3



પ્રશ્ન-1 (બ) નીચેના ચિત્રમાં દર્શાવેલ કોઈ પણ બે ફેરફારોનો ઉલ્લેખ કરી તેનો પ્રકાર (ઉલટાવી શકાય અને ન ઉલટાવી શકાય) દર્શાવો. 2

અ.નિ. શીખેલા વૈજ્ઞાનિક ખ્યાલોને રોજિંદા જીવનમાં લાગુ કરે છે.

પ્રશ્ન-2 (અ) માગ્યા પ્રમાણે જવાબ લખો. **3**

1. અહીં પદાર્થોના અલગીકરણ માટેની એક પ્રક્રિયા દર્શાવેલ છે.

આ પદ્ધતિનો ઉપયોગ નીચેના પૈકી શેના માટે થાય છે ?

(અ) રેતીમાંથી કાંકરા દૂર કરવા

(બ) ઘરે અનાજમાંથી કાંકરા દૂર કરવા

(ક) ખેતીમાં અનાજના દાણામાંથી ફોતરાં છૂટાં પાડવા

(ડ) પાકના ડૂંડામાંથી દાણા છૂટા પાડવા



2. ઉપરોક્ત પદ્ધતિના ઉપયોગ માટે ખેડૂત પાસે પંખો ઉપલબ્ધ નથી. તો તેની પાસે બીજો કયો સારો વિકલ્પ છે ?

(અ) થ્રેશરનો ઉપયોગ કરી શકે.

(બ) પવનની દિશામાં ઉપણવાની ક્રિયા થઇ શકે.

(ક) ખેતરમાં ઢગલો બનાવી હાથથી છૂટા પાડી શકાય.

(ડ) બાષ્પીભવન અને નિક્ષેપન પ્રક્રિયા વાપરી શકાય.

3. નીચે દર્શાવેલ ગાળણની પ્રક્રિયા માટે સાધનોની ગોઠવણ સામાન્ય રીતે કયા પ્રકારના મિશ્રણમાંથી ઘટકોને છુટા પાડવા માટે વપરાય છે.



(અ) પાણી અને લોખંડનો ભૂકો

(બ) ખાંડ અને પાણી

(ક) રેતી અને મીઠું

(ડ) પાણી અને ગ્લુકોઝ

પ્રશ્ન-2(બ) નીચેની પરિસ્થિતિમાં તમે મિશ્રણના ઘટકોને અલગ કરવા કઈ પદ્ધતિ પસંદ કરશો તે જણાવો. **2**

1. પાણીમાં ઓગળેલ મીઠાને ઘન સ્વરૂપમાં મેળવવા
2. રેતીમાંથી મોટા કાંકરા દૂર કરવા

અ.નિ. પ્રક્રિયા અને ઘટનાઓને વર્ણવે / સમજાવે છે.

પ્રશ્ન-3(અ) માગ્યા પ્રમાણે જવાબ લખો.

1. વનસ્પતિનું મૂળ ખોરાક તરીકે ઉપયોગમાં આવી શકે છે. એક ઉદાહરણ આપો. 1

2. બાજુની આકૃતિમાં વનસ્પતિના પ્રકાંડને દ્વિમાર્ગી રસ્તા તરીકે દર્શાવેલ છે. આ દ્વિમાર્ગી રસ્તાનો અર્થ શું છે તે સમજાવો. 2

પ્રશ્ન-3(બ) શાહીદાએ લાંબી દાંડીવાળું એક સફેદ ફૂલ લઇ તેને અહીં દર્શાવ્યા મુજબ આખી રાત લાલ રંગના પાણીથી અડધા ભરેલા પ્યાલામાં રાખ્યું. સવારે ફૂલમાં શું ફેરફાર દેખાશે ? શા માટે ? 2

અ.નિ. પ્રક્રિયા અને સજીવોની નામ- નિર્દેશનવાળી આકૃતિ / ફ્લો ચાર્ટ દોરે છે.

પ્રશ્ન-4 (અ) પુષ્પની સાદી આકૃતિ દોરી તેમાં પુષ્પના કોઈ પણ ત્રણ મુખ્ય ભાગોને નામ-નિર્દેશિત કરો. 3

પ્રશ્ન-4 (બ) પર્ણની આકૃતિ દોરી નામ નિર્દેશન કરો. 2

અ.નિ. પ્રશ્નોના જવાબ મેળવવા માટે સરળ તપાસ હાથ ધરે છે.

પ્રશ્ન- 5 નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો.

1. તમારા મમ્મી-પપ્પા અથવા ભાઈ-બહેન સાથે ચર્ચા કરી રસોડામાં ભોજન બનાવવાની પ્રક્રિયામાં થતા હોય એવા કોઈ પણ બે અલગ અલગ પ્રકારના ફેરફારો વિશે લખો. 2

2. ભોજન બનાવવાની પ્રક્રિયા સિવાય તમારી આસપાસ કયા ભૌતિક ફેરફારો જોવા મળે છે? યાદી તૈયાર કરો. તમારી યાદી પૈકી કયા ફેરફારો ઉલટાવી શકાય તેવા છે ? 3

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણઃ 6 | વિજ્ઞાન | તા. 04/02/2022

સમય: 1 કલાક | કુલ ગુણઃ 25

પ્રશ્ન -1 (અ) નીચેના પદાર્થોનું વિદ્યુત – સુવાહક અને વિદ્યુત – અવાહકમાં વર્ગીકરણ કરો. (3)

લોખંડનો સળિયો, કાચ, પ્લાસ્ટિક, તાંબાનો સ્ક્રૂ, રબર, એલ્યુમિનિયમનો તાર

પ્રશ્ન-1 (બ) નીચેની બે આકૃતિ (A) અને (B)માં દર્શાવેલ સ્થિતિમાં X અને Y બિંદુ વચ્ચે બલ્બ જોડતાં બલ્બ પ્રકાશિત થશે કે નહીં તે જણાવો. (2)



પ્રશ્ન-2 (અ) નીચેના પદાર્થોને પારદર્શક, પારભાસક અને અપારદર્શકમાં વર્ગીકૃત કરો. (2)

એલ્યુમિનિયમની શીટ, સાદા કાચની પ્લેટ, સેલોફેન પેપર, ધુમ્મસ

પ્રશ્ન-2 (બ) નીચેનાં ચિત્રમાં દર્શાવેલ ગતિના પ્રકારોને ઓળખો. (2)



પ્રશ્ન-2 (ક) માઝૂમી એક સીધા રોડ ઉપર બિંદુ P -Q- R સુધી ચાલે છે. (1)



તેને આ રોડ ઉપર બિંદુ P થી Q સુધી પહોંચતાં 12 મિનિટનો સમય લાગે છે અને બાકીનું અંતર QR ચાલતાં તેને 10 મિનિટ લાગે છે. હવે તે ત્યાંથી પાછી ફરે છે. તેને અંતર RQ કાપતાં 10 મિનિટનો સમય લાગે છે અને અને અંતર QP 12 મિનિટમાં ચાલી તે ફરીથી પ્રારંભના સ્થળે આવે છે. આવાં કુલ 10 ચક્કર તે આ જ માર્ગ પર લગાવે છે. તો માઝૂમીની ગતિ માટે આપેલ વિકલ્પો પૈકી શું સાચું છે ?

(અ) તેની ગતિ માત્ર સરળ રેખીય ગતિ છે.

(બ) તેની ગતિ માત્ર આવર્ત ગતિ છે.

(ક) તેની ગતિ સરળ રેખીય ગતિ પણ નથી અને આવર્ત ગતિ પણ નથી.

(ડ) તેની ગતિ સરળ રેખીય ગતિ અને આવર્ત ગતિ બંને પ્રકારની છે.

પ્રશ્ન-3(અ) નીચેના પ્રશ્નોમાં તેની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરો. (3)

(1) રણ વિસ્તારની વનસ્પતિમાં પાંદડાં ખૂબ નાના કે કાંટા સ્વરૂપે જ હોય છે. કારણ કે...

(અ) તે બાષ્પોત્સર્જન દ્વારા વધારાનું પાણી ગુમાવવામાં મદદ કરે છે.

(બ) તેનાથી તે બાષ્પોત્સર્જન દ્વારા ખૂબ ઓછું પાણી ગુમાવે છે.

(ક) તેના કારણે તેના મૂળ જમીનમાં ખૂબ ઊંડે સુધી જાય છે.

(ડ) તેનું આ સ્વરૂપ રણ વિસ્તારને અનુરૂપ સુંદરતા વધારવામાં મદદ કરે છે.

(2) દરિયાઈ જીવો પાણીમાં સરળતાથી હલનચલન કરી શકે છે. કારણ કે...

(અ) તેમને દરિયામાં રહેવું ગમતું હોય છે.

(બ) તેઓ ધારારેખીય શરીર રચના ધરાવે છે.

(ક) તેઓ તે માટે ખૂબ મહેનત કરે છે.

(ડ) તેમને જમીન પર હલન ચલન કરવું ગમતું નથી.

(3) પર્વતીય વિસ્તારના વૃક્ષો સામાન્ય રીતે શંકુ આકારનાં હોય છે અને પર્ણો સોયાકાર હોય છે. કારણ કે...

(અ) તેનાથી તેને કાપવું મુશ્કેલ બની જાય છે.

(બ) તેના પર ચડી ન શકવાથી તેને નુકસાન થતું નથી.

(ક) તેના કારણે વરસાદનું પાણી કે બરફ સરળતાથી નીચે સરકે છે.

(ડ) તેના આ આકારના લીધે સહેલાણીઓ પર્વતીય વિસ્તારમાં આકર્ષાય છે.

પ્રશ્ન-3 (બ) હરણનાં શારીરિક લક્ષણો તેને સરળતાથી જીવવામાં મદદરૂપ થાય છે. કઈ રીતે ? (2)

પ્રશ્ન-4(અ) આપણાં ઘરે વપરાતી ટોર્ચ (બેટરી)માં રહેલા વિદ્યુત સંબંધિત કોઈ પણ ત્રણ ભાગો વિષે એક-બે વાક્યમાં સમજ આપો. (3)

પ્રશ્ન-4 (બ) પડછાયો ક્યારે અને કેવી રીતે રચાય છે ? (2)

પ્રશ્ન-5 (અ) નીચેના પ્રશ્નોમાં આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરો. (3)

(1) પગનાં પગલાં કે હાથની આંગળીથી થતાં લંબાઈનાં માપન પ્રમાણિત ગણાતાં નથી. કારણકે....

(અ) દરેક વ્યક્તિને તે આવડતું ન હોવાથી આ રીતે લંબાઈનું માપન કરવું ખૂબ મુશ્કેલ છે.

(બ) આવું માપન પ્રાચીન સમયે ઈજિપ્તનાં લોકો જ કરતાં હતા.

(ક) તેનાથી માપન કરવામાં વ્યક્તિને ખૂબ જ વધુ સમય લાગે છે.

(ડ) પ્રત્યેક વ્યક્તિના શરીરનાં માપો ભિન્ન હોવાથી આવું માપન વિશ્વસનીય બનતું નથી.

(2) મુંબઈ અને વડોદરા વચ્ચેનું અંતર સામાન્ય રીતે કયા એકમમાં દર્શાવવામાં આવે છે ?

(અ) મીટર

(બ) સેન્ટીમીટર

(ક) કિલોમીટર

(ડ) મિલીમીટર

(3) નીચે એક સાદી માપપટ્ટી દર્શાવેલ છે. નીચે આપેલ અંતર પૈકી કયું અંતર આ માપપટ્ટીનો એક જ વખત ઉપયોગ કરવાથી માપી શકાશે નહીં ?

(અ) 0.5 મીટર (બ) 0.1 મીટર (ક) 0.15 મીટર (ડ) 0.05 મીટર

પ્રશ્ન-5 (બ) એક રિબનના ટુકડાને નીચે મુજબ માપપટ્ટી ઉપર મૂકેલ છે. તો આ રિબનની લંબાઈ શોધો અને તેને સેન્ટીમીટર અને મીટર એકમમાં દર્શાવો. (2)



શિક્ષક માટેઃ

પ્રશ્ન ક્રમાંક	અ.નિ. ક્રમાંક	વિધાન
1	SC602	પદાર્થ અને સજીવો જેવા કે રેસા અને તાંતણા, સોટીમૂળ અને તંતુમૂળ, વિદ્યુત સુવાહકો અને અવાહકોને, પર્ણના શિરા વિન્યાસને તેમના ગુણધર્મો, રચના અને કાર્યના આધારે જુદા પાડે છે.
2	SC603	અવલોકી શકાય તેવા ગુણધર્મોને આધારે વસ્તુ, સજીવ અને પ્રક્રિયાનું વર્ગીકરણ કરે છે.
3	SC605	પ્રક્રિયા અને ઘટનાને કારણો સાથે જોડે છે.
4	SC606	પ્રક્રિયા અને ઘટનાઓને વર્ણવે / સમજાવે છે.
5	SC607	ભૌતિક રાશિઓને માપે છે અને તેને (S I) એકમમાં રજૂ કરે છે.

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ - 6 | વિજ્ઞાન | તા. 17/12/2021

સમયઃ 1 કલાક | કુલ ગુણ - 25

પ્રશ્ન -1 **પ્રવૃત્તિ કરી જવાબ આપો.**

(1) માનવ શરીરના એવા કયા અંગો છે જેના સાંધા એક જ બાજુ હલન ચલન કરી શકે છે? (2)

(2) માનવ શરીરના એવા કયા અંગો છે જેના સાંધા ચારેય બાજુ હલનચલન કરી શકે છે ? (3)

પ્રશ્ન - 2 **મુદ્દાસર સમજાવો.** **(5)**

(1) સાપની જમીન પર ગતિ

(2) માછલીની પાણીમાં ગતિ

પ્રશ્ન - 3 **આકૃતિ દોરી નામનિર્દેશન / ગતિની દિશા અંકિત કરો.** **(5)**

(1) મિજાગરા જેવા સાંધાની ગતિની દિશા

(2) ખલ-દસ્તા સાંધો

પ્રશ્ન-4 (અ) દોરડું કૂદતી વખતે હાથની ગતિ સાથે કયો સાંધો સંકળાયેલો હોય છે ? **(1)**

(અ) ઊખળી સાંધો

(બ) મિજાગરા સાંધો

(ક) ખલ-દસ્તા સાંધો

(ડ) અચલ સાંધો

(બ) **જોડકાં જોડો.** **(4)**

અ	બ
1. માછલી	**A.** તે અનેક નાના હાડકાઓની બનેલી રચના છે.
2. અળસિયું	**B.** તેનું શરીર અનેક વલયો એકબીજા સાથે જોડાવાથી બને છે.
3. મેરુદંડ	**C.** તે ધારારેખીય રચના ધરાવે છે.
4. બગલો	**D.** તે હૃદયનું રક્ષણ કરે છે.
	E. હાડકાં છિદ્રિષ્ઠ અને હલકાં હોય છે
	F. તે સ્નાયુલ પગની મદદથી ચાલે છે.

પ્રશ્ન-5 **નીચે આપેલ ચિત્રને ઓળખો અને તેમાં દર્શાવેલ બાબતનું એક લક્ષણ / ઉપયોગ જણાવો.** **(5)**

(1)



(2)

(3)



(4)

(5)



શિક્ષક માટેઃ

પ્રશ્નક્રમાંક	અ.નિ. નંબર	વિધાન
1	SC604	પ્રશ્નોનાં જવાબ મેળવવા માટે સરળ તપાસ હાથ ધરે છે.
2	SC606	પ્રક્રિયા અને ઘટનાઓને વર્ણવે / સમજાવે છે.
3	SC608	પ્રક્રિયા અને સજીવોની નામ નિદર્શનવાળી આકૃતિ / ફ્લો ચાર્ટ દોરે છે.
4	SC602	પદાર્થ અને સજીવોને તેમના ગુણધર્મો, રચના અને કાર્યના આધારે જુદા પાડે છે.
5	SC601	પદાર્થ અને સજીવોને તેનાં અવલોકનક્ષમ લક્ષણોના આધારે ઓળખે છે.

સામયિક મૂલ્યાંકન કસોટી

ધોરણ - 6 | **વિજ્ઞાન** | **ઓગસ્ટ, 2021**

સમય- 1 કલાક | **કુલ ગુણ - 25**

અ.નિ. પદાર્થને તેમના ગુણધર્મો, રચના અને કાર્યના આધારે જુદા પાડે છે.

પ્રશ્ન - 1 **નીચે આપેલા કોષ્ટકને પૂર્ણ કરો., ખાદ્ય પદાર્થો પર કોષ્ટકમાં દર્શાવેલ પ્રક્રિયા પૈકી કયું પરિણામ પ્રાપ્ત થશે તે હા/ના દ્વારા જણાવો** **(5)**

ખાદ્ય પદાર્થો	આયોડીનનું દ્રાવણ નાખતાં ભૂરો-કાળો રંગ મળશે.	બે ટીપાં કોપર સલ્ફેટના દ્રાવણનાં અને ૧૦ ટીપા કોસ્ટિક સોડાનાં નાખતાં જાંબલી રંગ મળે છે	કાગળ પર ઘસતાં તૈલી ડાઘા જોવા મળે છે.
કાચા બટાકા	હા	-	-
સૂકું કોપરું			
મગફળી			
દૂધ			
ચણાનો લોટ			
બાફેલા ચોખા			

અ.નિ અવલોકી શકાય તેવા ગુણધર્મોને આધારે વસ્તુ, સજીવ અને પ્રક્રિયાનું વર્ગીકરણ કરે છે.

પ્રશ્ન - 2 **નીચે આપેલાં પ્રાણીઓનું માંસાહારી પ્રાણીઓ, તૃણાહારી પ્રાણીઓ, મિશ્રાહારી પ્રાણીઓમાં વર્ગીકરણ કરો.**

મનુષ્ય, સમડી, સિંહ, તીડ, બિલાડી, હરણ, રીંછ, બાજ, ખિસકોલી, ઉંદર (5)

માંસાહારી પ્રાણીઓ	તૃણાહારી પ્રાણીઓ	મિશ્રાહારી પ્રાણીઓ

અ.નિ. પ્રશ્નોના જવાબ મેળવવા માટેની સરળ તપાસ હાથ ધરે છે.

પ્રશ્ન 3 **નીચેના પ્રશ્નોના જવાબ આપો.**

1. કોઈ પણ ખાદ્યપદાર્થમાં પ્રોટીન છે કે નહિ તે તમે કઈ રીતે નક્કી કરશો.? (2)
2. કોઈ એક ખાદ્ય સામગ્રી વનસ્પતિનો કયો ભાગ છે તે નક્કી કરવા તમે શું કરશો? (3)

અ.નિ. પ્રક્રિયા અને ઘટનાને કારણ સાથે જોડે છે.

પ્રશ્ન -4(અ) **કારણ આપો.** **(4)**

1. યોગ્ય માત્રામાં સૂર્યપ્રકાશ લેવો એ સ્વાસ્થ્ય માટે અનિવાર્ય છે.
2. જો કોઈ વ્યક્તિની દૃષ્ટિ નબળી હોય તો તેણે પોતાના ખોરાકમાં ગાજર,પપૈયું વધારે પ્રમાણમાં લેવાં જોઈએ.

પ્રશ્ન -4(બ) ખાલી જગ્યા પૂરો. **(1)**

1. એક વ્યક્તિને ઘા માં રૂઝ આવતાં વાર લાગે છે તો તેણે પોતાના ખોરાકમાં વિટામીન..... ધરાવતો ખોરાક વધુ લેવો જોઈએ.

અ.નિ. શીખેલા વૈજ્ઞાનિક ખ્યાલોને રોજિંદા જીવનમાં લાગુ કરે છે.

પ્રશ્ન -5(અ) નીચેના પ્રશ્નોના વિસ્તૃત જવાબ આપો. **(4)**

1. ખોરાક રાંધતી વખતે તેનાં પોષક દ્રવ્યો નાશ ન પામે તે માટે કઈ - કઈ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ ?
2. આપણે સમતોલ આહાર શા માટે લેવો જોઈએ ?

પ્રશ્ન -5(બ) સમતોલ આહાર માટે નીચેના પૈકી કઈ બાબત સાચી છે ? **(1)**

A. ખોરાકમાં બધાં જ પોષક દ્રવ્યો હોવાં જોઈએ.

B. ખોરાકમાં બધાં જ પોષક દ્રવ્યો પૂરતા પ્રમાણમાં હોવાં જોઈએ.

C. માત્ર કાર્બોદિત અને પ્રોટીન પૂરતા પ્રમાણમાં હોવાં જોઈએ.

D. સરખા પ્રમાણમાં આહાર લેવો જોઈએ.